રાજા સત્યવૃત નાટકની હકિકત

અંક પહેલો.

૧—ઇશ્વર સ્તુતિ બાદ શ્રી વિશ્નું અને નારદજીના સંવાદથી બીજ રોપાય છે અને વિશ્નું નિર્મળપુરના રાજા સત્યવૃતના રક્ષણાર્થે જાય છે.

૨—તમપુરનો રાજા ચંચળસેન નિર્મળપુર જીતવા આવેલો છે, તે; તમામ બાતમી મેળવી સત્યવૃત રાજાને પોતાની માગણીનો સંદેશો મોકલે છે.

૩—ભકતરાજ સત્યવૃત રાજાનું પુજનગૃહ ત્યાં ચંચળસેનનો દૂત આવી કેટલીક અયોગ્ય માગણીનો સંદેશો કહે છે. સત્યવૃત શાંતિથી ઉત્તર આપી વિદાય કરી ધ્યાનસ્થ થાય છે. તેવામાં ચંચળસેન લડવાની તૈયારી કરી આવે છે, આવી ખબર આવતાં કુંવર કીર્તિચંદ્ર તેના સામો લડવા જાય છે.

૪—બ્રહ્મચર્યનો ગર્વ રાખનાર નારદ મુનિ ધ્યાનમાં છે ત્યાં ઇંદ્ર તથા અપ્સરાઓ આવી છળવા યત્ન કરે છે, નારદ જાગૃત થઇ ક્રોધ કરી ઇંદ્ર તથા બ્રહસ્પતિને

નીચ દેહીમાં પ્રવેશવાનો શાપ આપે છે.

૫—ચંચળસેનથી સત્યેંદ્રના લશ્કરની હાર થાય છે. કુંવર કીર્તિચંદ્ર પકડાય છે, તેને મારી નાખવાની આજ્ઞા આપતાં શ્રી વિશ્નુ ભગવાન ગુપ્ત સત્તાથી ઉલટું કરે છે. ચંચળસેનનો સૈન્ય સહીત નાશ થાય છે. અને તેણે જીતેલી મગધ દેશના રાજાની કન્યા શશિકળા કીર્તિચંદ્રને હાથ લાગે છે.

૬—નારદના શાપથી નીચ દેહીમાં પ્રવેશેલા દેવલા નામ ધારી બ્રહસ્પતિની પોતાની મા સાથે ગમ્મત.

૭—ઇંદ્ર નારદના શાપથી વૈશ્ય શરીર પામેલા છે, તેની અધમતાનો ચિતાર.

૮—પરિક્ષા કરવા આવેલા નારદજી અને સત્યવૃતનો સંવદા ત્યાર પછી શશિકળા અને કીર્તિચંદ્રના હૃદયમાંપ્રેમાંકુર

૯—નારદ અને દેવલાની ભેટ, હાસ્ય સાથે ગર્ભિત શાપ નિવારણ ક્રિયાની શરૂઆત.

૧૦—સંસારીએ કેવું મન રાખવું તો વિરકત ગણાય? એ નારદના પ્રશ્નનો સત્યવ્રત ખુલાસો કરે છે. શશિકળા અને કીર્તિચંદ્રનો હસ્ત મેલાપ.

અંક બીજો,

૧—શેષશાયિ ભગવાન શ્રી વિશ્નું પાસે, નારદ પોતાની વડાઈ કરે છે, જેથી તેનો મદ ટાળવા વિશ્નું પોતાની માયાને પ્રેરે છે.

૨—દેવલાને નારદ; બળદીયાને બદલે ગોવીંદશેઠ પાસે મોકલે છે.

૩—વિશ્નુંની માયા મોહની રૂપે નારદને છળે છે.

૪—રાજા સત્યવૃત પાસે સન્યાશી વેષે આવી નારદ રાજ્યનું દાન માગે છે. રાજા આપે છે.

૫—શશિકળા અને કીર્તિચંદ્રના પ્રથમ પરિચયનો ચિતાર તથા ગોવિંદશેઠ અને કીર્તિચંદ્ર વચ્ચે ઇર્ષ્યા; અને નીતિ ભરી ચર્ચા

૬—મોહની નારદને અધમ સ્થીતિનો ઓપ ચઢાવી ચાલી જાય છે. વિશ્નું પ્રગટ થઇ અહંકારનાં પરીણામનો ઉપદેશ આપે છે તથા તેની યાચનાથી સત્યવૃતને તાવવાની આજ્ઞા આપે છે.

૭—દેવલો ગોવિંદશેઠને, પોતાનો બળદીઓ માણુસ થયો જાણી પરાણે લઇ જાય છે.

૮—રાજાની પરિક્ષાની શરૂઆત, નારદ શશિકળાની મા[illegible]
ણી કરી, રાજા રાણી તથા કુંવરને દેશપાર કરે છે.

અંક ત્રીજો

૧—શશિંકળા નારદને બોધ આપી, પતિ પાછળ જાય છે
નારદ સત્યવૃતની પાછળ જાય છે.

૨—સત્યવૃત અને સુશીલા ભુખથી પીડાતા કુંવરને ખાવા
ફળ આપે છે, ત્યાં નારદ સુરદાસ રૂપે આવી તે ફળો
યાચી ખાઈ જાય છે. કુંવર ભુખથી પ્રાણ તજે છે અ
ને તેનું શબ; શોધમાં નીકળેલી શશિકળાને હાથ
આવે છે.

૩—દેવલાને છેતરી ગોવીંદ શેઠ નાશી જાય છે.

૪—શશિકળાની દ્રઢ શ્રદ્ધાથી વીશ્નુંની માયા અથવા લક્ષ્મિ
આવી કુંવરને સજીવન કરે છે.

૫—ભકત પાછળ ભમતા ભગવાન, શશિકળા કુંવર તથા
સુશીલાને ગૃહસ્થ રૂપે પોતાને ધામ લઈ જાયછે.

૬—નારદથી લેવાતી સત્યવૃતની પરીક્ષાની સમાપ્તિ. વીશ્નું
પ્રગટ થઇ સત્યવૃતને સ્વરૂપમાં શમાવે છે. તથા -બ્ર
હસ્પતિ અને ઈંદ્રને શાપ મુકત કરાવે છે. કલ્યાણ
કારી આશીર્વાદ. અને સમાપ્તિ,

શ્રો:—

રાજા સત્યવ્રત નાટકનાં પાત્રો.

વિશ્નુ...	...સત્વગુણિ જગપાલક દેવ.
લક્ષ્મિ...	...તેની માયા અથવા મોહની
નારદ	...દેવ મુનિ
સત્યવ્રત	...વિશ્નુનો પરમભક્ત નિર્મળ પૂરનો રાજા.
સુશીલા	...તેની રાણી
કીર્તિચંદ્ર	...તેનો કુંવર.
શશિકળા...	...મગધદદેશના મહારાજની કન્યા પછીથી કીર્તિચંદ્રની રાણી.
દેવલો }	...નારદના શાપથી તેદેહીમ
ગોવીંદ }	...પ્રવેશેલા ઇંદ્ર અને બ્રહસ્પતિ
ચંચળસેન	...ગૌતમપુરનો રાજા.

તે સિવાય અપ્સરાઓ, દાસીઓ, બાતમીદાર, લશ્કરો વીગેરે.

"श्री परमात्मने नमः"

રાજા સત્યવ્રત

નાટકનાં ગાયનો.

સુત્રધાર— ૧

સુબુધ્ધિ દાયક સુખધામ, અભિરામી સ્વામિ;
વિચરૂં સુગ્રંથ પંથ, મતિમાં રહો વિરામી. શ્રી૦
અજય વિજય તજી, યત્ન આરંભું;
કૃપા અંકમાં રમાડો, શિશુ યશ નામી. શ્રી૦
આશ છે ઉર નાટય, બોધક આચરવા;
નાથ દ્રવો નવ રસ, રૂપ પુર્ણ કામી. શ્રી૦

સુત્રધાર— ૨

આ સચરાચર જગના સ્વામિ, ભક્ત તણા ભીડ હારી,
વિધ વિધ રૂપે ધર્મ સ્થાપવા, અવતરતા જે મુરારી;
દાસ દુઃખ દળનારા, તણી આ માયા વિસ્તારી.

બાળાઓ— ૩

ભાગ્યવાન પુરાં ભારત નર નાર,

ચિત્ત જેનાં, છે મજેનાં......ભાગ્ય૦
જન્મ પામી માનવીનો, શોધવો શું સાર,
સ્ફુર્ણ વડે નિશ દિન; એ પામે તત્વપાર. વાહ૦
ધર્મ કર્મ ચુસ્તને, નીતિથી વર્તનાર,
આ કૃતી નકી કરશે, તેજ અંગિકાર. વાહ૦

નારદ ૪

ઝુલો ઝુલે પ્રાણનાથ, મેઘવર્ણ લક્ષ્મિકાંત,
જયતિ જયતિ રૂપ શાંત, વેદ અકળ ચરિત્ ગાથ ઝુલો૦
કલ્પદ્રુમ ઢોળેવાય, શ્રી સુભાગી ચાંપે પાય,
ગુણ સુર વૃંદ ગાય, વાદ્ય સાથ જોડી હાથ. ઝુલો૦

વિશ્નું— ૫

હું પ્રાપ્ત છું તેહનેરે, જેને મારો વિશ્વાસ આશ, હું૦
પૂરક કુંભક અને રેચકે, કાયા કસતારે,
તિર્થ ક્ષેત્ર કે નિર્જન વનમાં, સદાય વસતારે,
ફળાહારથી પોષે તનને, ગંગામાં નિત્ નહાય.
પણ મન માર્યા વિના સર્વએ, વ્યર્થ પરિશ્રમ થાય. હું૦
સર્વ ધર્મનો ત્યાગ કરી, મુજ શરણે આવેરે,
મારામાં એ શમી મુને, પોતામાં શમાવેરે,
એ મુજને પ્રાણાધિક પ્રિય છું, એને વચને કેદ,
રંક ભૂપ કે ગૃહસ્થ યોગી, તણો ન મુજને ભેદ. હું૦

ચંચળસેન— ૬

પાય પડે, મુખે ત્રણ ધરે, ઇચ્છા પુરી કરે.
એવું કહે જઇ ઝટ, જા....જા
જાન માલનો બચાવ તે વિના નહીં, થશે,
પા....છો નહીં, ખસે, પાયમાલ ભુંડે હાલ,
કુ....રી નાખશે, સીધો માનશે
તો....જી....વી....ત....દાન....પામશે,
કરશે ક્ષેમ, કહેજે એમ. પાય પડે૦

સત્યવૃત— ૭

સર્વ તણા આધાર, સ્તવું જય સર્વ તણા આધાર.
ભીડ શુણિ ભક્તોની હોંશે, હસી હરવા ધસનાર; સ્તવું.
બળવંતા હે બાપ જગતના, ખળ બળના હરનાર. સ્તવું.

સત્યવૃત— ૮

તાન પ્રભૂ તુજ સાથે લાગ્યું,
આ ઘટપટમાં, હરિ, હરિ, હરિહરિ, નામ વાદ્ય વાગ્યું..તા.
જળ સ્થળે જીવ જંતુ જનમાં,

પર્વતે નગ્ર બાગ વનમાં
સભર ભર્યાં નિરખીને સ્વામિ;
ચિત્ત ચરણ ચાલ્યું, તાન૦

કીર્તિચંદ્ર— ૯

હરજે વિપત પત છે ભારી
ગુણવંતા ગિરધારી;
કરજે વિજય અરિ સંહારિ.
ગુણવંતા ગિરધારી.
નીતિ ન્યાય નેહ ધરનારા,
તન મનથી જન સાચવનારા,
જાણી રાજ્ય યોગ્ય પિતુ મારા,
સોંપી છે સ-તા આ પ્યારા,
છે આખર તારી; પણ છે આખર તારી. હરજે૦

નારદ— ૧૦

રમ્ય ગિરી તણી ગુહા વિષે વસીને,
ધારે ધ્યાન ઢાલ તપ અસિ કસીને
પછી જગત જંગમાં ધસે હસીને,
કહો કેમ આવે વીર એ ફસીને.
કદી હોય છો અનેક સમિપ વ્યાધિ,

ધારે કેમ વિજયી વીર પણ ઊંપાધિ.
મહેશ પણ કરી શકે ન લેશ બાધી,
જેણે યોગની અજીત શકિત સાધી.

અપ્સરાઓ— ૧૧

છે તપનું ફળ સ્વર્ગ, સ્વર્ગ ફળ અનુપમ અલબેલી.
તે મેળવવા યત્ન તમારો,
પુર્ણ થયો છે આજ વિચારો. છે૦
આવી બિરાજો હવે આમના,
પુરો કામિની પ્રીતે કામના.
કાયાનું કલ્યાણ કરો, આ આડંબર મેલી. છે૦

નારદ— ૧૨

વૃથા વદિ વેણ અસીદ્ધિવાન,
મૂઢ મતિ વાણીને લજવે.
જુઓ આ સ્વર્ગ તણો પરિવાર,
વેશ ભાટાઇનો ભજવે. વૃથા૦
શી સંસારીની કહો રાખવી, યોગી સમ મોટાઇ,
જ્યાં સ્વર્ગવાસી, પણ સ્વાર્થ પરાયણ, દેખાડે હલકાઈ,
મન મેલા પણ કુશળ, હરિને ઉપરથી યજવે, વૃથા૦
કહો સત્યવૃત પણ કેમ, ન આનો ગણું સહોદર ભાઇ
રહે પ્રભુ વાકયમાં આવાં જોતાં, શી રીતે સચ્ચાઇ,
તોપણ જઇને જોવો, કેવો કુશળ સ્વાંગ સજવે. વૃથા૦

લશ્કર— ૧૩

શુરવીર હસો, તલવાર કસો, ભરી જુસ્સે નસો;
અરિપર ધસો, વચ્ચોવચ વસો, અંગે અંગ ઘસો.
જરી નવ ફસો, ડગ નવ ખસો, રણ બહાદુરો,
નામ કે નિશાન એનું, નવ કશું રહે;
કાપો તમામ તેમ, તો સહુ કહે,
વાહ—વાહ—વાહ—વાહ
નવ લજાવો નામ, કરો નિડર અમર,
અમલ છે એનો ભાર શો.— શુરવીર

કીર્તિચંદ્ર— ૧૪

હેમ હુતાશન માંહે તાવી, વળી પથ્થર હણી આમે,
મણિ ફણી શિર રાખી, અનુભવિ જન તુર્ત ભેદને પામે
કુજનની બલિહારી. અન્ય નહીં તે સમ ઉપકારી,
સૂર્ય ધૂળથી ચહે ઢાંકવા, બને અંધ તે પોતે.
પરધન પરસ્રીમાં લલચાતાં, મરે ખરે વિણ મોતે;
પ્રભુની ગતિ ન્યારી, કર્મ સમ ફળને દેનારી.

ગોવિંદશેઠ— ૧૫

દુનીયા આખી નાખી ડોળીરે
ભાવડુએ ભાવે ભભૂત ચોળી
મંતર જંતર કરી ભોળાને ભોળવી,

ખાય ખીરને પોળી,
રેઢું દેખે તો હાથ મારવો ન ભુલે,
જાણે ભીલ કાફ્ર કોળીરે— દુનીયા૦
ટોપી ટીલાંથી કરે મોઢાં વીલાં,
ને વળી ધારે માળાને ઝોળી,
આવે હડફેટ તેને રાખે ચાહુમાં.
એવી ગુણવંત સંત ટોળીરે— દુનીયા૦
પારકાં ધન ધામ ધણિયાણી ધુતવાની,
હોય હૈયે હોળી
એવાને સેવવાથી ગંધાતા કુંડમાં,
જમ દેશે બોળીરે— દુનીયા૦

કીર્તિચંદ્ર— ૧૬

ચિત વૃતિ આ ચોટી નિરખી નવિના
કર્યાં હૃદય તરંગો પ્રેમ ભીના.
વાહ રંગ ઢંગ શા ભાવિના. ચિત૦
સુમતિ પર છાંય વિકાર તણી,
ગત ભવના યોગ વિણ કદી થવિના. વાહ૦
પિતુ આજ્ઞા વિણ કદી કંઈ ન બને,
પણ મનથી વિપળ દુર એ થવિના. વાહ૦

શશિકળા— ૧૭

અકળ ન્યાય છે રાય જગરાયનો,

કરે દીનને રાય દીન રાયનો. અકળ૦
મગધ દેશ મહારાજ મારા પિતા,
કર્યો ચંચળે નાશ તે કાયનો. અકળ૦
વિષયી આંધળે રૂપથી મોહીને,
હરી મુજને ઓથ નવ ક્યાંયનો.
હતી ત્યાં અતિ લાડમાં ઊછરી,
ભરૂંસો હવે આપની છાંયનો અકળ૦

શશિકળા— ૧૮

શરમ ભરમ તજી શ્યામ સ્વિ....કારો સ્નેહથી;શરમ૦
મન્મથ આ મન માલીક થાઓ,
રોમે રોમે પ્રેમ મચ છાઓ,
સકળ અકળ અનુભવ ભોગી— સ્વિકારો
સહજ સાંપડયો હીરો ત્યાગી
કોણ થશે પથ્થર અનુરાગી,
સ્વર્ગિય સુખના સંયોગી— સ્વિકારો૦

કીર્તિચંદ્ર ૧૯

ચતુરા ચિત આ તુજને ચહાતું,
વિણ પિતુ આજ્ઞા કશું નવ થાતું,
પ્રતિમા છો સદગુણની શાણી
સદભાગી જો તું સમ રાણી,

ગુરૂ જન બંધન પણ ન મુકાતું. વિણ૦
હર્ષિત હૃદયે એ કહે જો હા,
તો મન મંદિરમાં સ્થાપું,
નહિં તો મનની મનમાં રાખી,
નિશ દિન નામ શશિ તુજ જાપું. ચ૦

શશિ— કીર્તિ— ૨૦

વહાલા ઠાલા ઠાલા કરો શું અધીર.
કાલાંવેણ ઠાલાં નથી પણ સ્થિર.
દુઃખણીને પિતુ ગણશે બાળક,
છે તો એવા દીનના પ્રતિપાળક,
તો શી ચિંતા રાજવીર, વહાલા૦
સંત સ્વભાવના હોય સુકોમળ,
સૌમ્ય કમળ સુમન સમાન.
સાંભળશે અરજી ગુણવાન,
તો શું ગાળે ચિંતા એ શરીર વ્હાલા૦

દેવલો— ૨૧

થાહે ઢોરનું માણહ મારો ઘોળીઓ ઢગો,
બચ બકી લઇહ ખુબ કઇને ગગો, થાહે૦
ભામણ ભણેલ ભાળું ભારે સે ભલો, [મને]
કરહે સો માણહના સાથમાં સગો, થાહે૦

સોકરાનો બાપ એ તો દ્વારકાંની સાપ લઈ
અમીર જાદાનો જેવો હું રાખીહુ–ગો   થાહે૦

સભા—નારદ—સત્યવૃત ૨૨

ફળો સંતની આશિષ સ્હાય કરો ઇશ,
રહો સુખી રાજ કુમાર.
અખંડિત સૌભાગી રહો શશિકળા,
યોગ્ય પામો ભરથાર,   ફળો૦
લ્હાવો આજ લીધો પુરો સંસારે,
દ્વિજને સંતોષો રૂડા કંસારે,
અતિ દુર્લભ છે આ જગતની બાજી,
રમતાં પણ હરિ રસ પી રહો રાજી.   સંતની૦

અંક પહેલો સમાપ્ત.

અંક બીજો

અપ્સરાઓ— ૨૩

જય જય જગજીવન, પરમ કૃપાઘન, જય સચરાચર સ્વામિ,
જય અસુર નિકંદન, નિજજન રંજન, ગર્વારિ સુખ ધામી.
જય શાન્તા કારા, સર્વા ધારા, જય અકળિત અભિરામી,
જય પંકજ નયનિ, સમુદ્ર શયનિ, રમા હૃદય વિશ્રામી.
દ્રગ દોષ વિભંજન, દર્શન અંજન, આંજી થયાં સદ્‌ભાગી,
જોયું હરિ પદ ધન, થયાં તૃપ્ત મન, ત્રિવિધ તાપણી ત્યાગી,
જેમ કમળ વને કરી, તેમ નેહ ધરી, શુદ્ધ ભાવને તાગી.
રહે જો હસીને હરિ, અમ મનમાં ઠરી, લળી લળી લઇએ માગી

નારદ— ૨૪

થયો હવે સિદ્ધ મહા યોગી, નિગ્રહ ઇંદ્રીય તણો કરીને
બ્રહ્મ સુખનો ભોગી હું
ત્રિભુવનમાં નથી કોણ વિરલ નર સુંદરિ સુખ સંયોગી,
શિવ વિરંચિ વળી મહાન મુનિશ્વર મદન રાગના રોગી. હું
પ્રબળ સકળ પણ અકળ વિકળ કરે, સ્મર સતા અતિ દોંગી
એ જીત્યા વિણ પ્રાણી માત્રની સર્વ ક્રિયાઓ ઢોંગી. હું

નારદ— ૨૫

વસંતે વસાવી રૂતુ તે તણી

ખિલાવી કુસુમની લતાઓ ઘણી.
વહાવ્યા ત્રણે જ્યાં સમીરો રૂડા,
વદાવ્યાં શુકો સારીકાને સુડા.
ભર્યાં સ્વચ્છ નીરે ઘણાં જ્યાં સરો.
દિસે રમ્ય જ્યાં જળચરોનાં ઘરો.
અતિ શોભતાં પંકજો પોયણાં,
કરે ભ્રંગનાં વૃંદ કલરવ ઘણાં.
અતિ છે ગવાતી મીઠી રાગણી,
કરે ચંદ્રમા રાત્રિ સદ્‌ભાગિણી.
મદન ત્યાં લઇ પુષ્પનાં બાણને,
ઊભો ખેંચવા ભોગીના પ્રાણને.
દિસે રાજ્ય સર્વત્ર શૃંગારનું,
ફરે અપ્સરા સૈન્ય વળી કારમું,
કહો કોણ જીતે અહીં વિચરી;
જીતે તો દશા મુક્ત તેની ખરી,

મોહની— ૨૬

ગુણ શું જાણે ગમાર,
ગુણિયલ ગોરીની, ગહન ગતિના— ગુણ
લાવ લખેલા, લવ ન લલાટે,
રસમય રીતે, રમણિ રતિના— ગુણ૦

મન મોહક, મહીલા મત મોડે,
મમત ન મુકે, મંદ મતિના— ગુણ૰

નારદ—મોહની ૨૭

કહો કોણ સંસારમાં હેડનારી, કહો કોણ મીઠું છતાં ઝેરનારી,
કહો કોણ પાપો તણું મૂળનારી, કહો કોણ મુકિત વિષેશૂળ નરી,
રચી શ્રષ્ટિ વિધાદિ વિધ વિધ વિ-તે, છતાં લેશ સંતોષ
પામ્યો ન ચિતો
સજી સુંદરીરૂપલાવણ્યવાળી, થયો તે પછીથી વિધિભાગ્યશાળી.
જોતાં ચિત લોભાવતી, સ્પર્શે કરતી અશકત,
રાક્ષસી સ્ત્રી સંયોગથી, હરતી ઓજસ્ રકત,
નારી નિંદે મુર્ખ જન, વંદે ચતુર સુજાણ,
કોણ અવર નારી વિના, નર રત્નોની ખાણ.
વિધિ પ્રપંચ ગત્ કર્મથી, ચાલે આ જગ યંત્ર,
મુર્ખ કહે નારી વડી, [પણ] એ તો મારક મંત્ર.
કરવા હરિ રસ પાન, વરસત નહીં આકાશથી,
નારી વિણ ગુણવાન, નારદ શુક સનકાદિકો,
ઝુલાવ્યા કરી બાળ, હરિ હર અજસમ પારણે,
વૃથા ન દઇએ આળ, એ અનસૂયા સ્ત્રી હતી,
ડગાવતો ત્રય લોક સ્વામિ જાલંધર અધમ,
સુર ડરી કરતા શોક, વૃંદા સતિ પ્રભાવથી.

મોહની— ૨૮

શું હાણ્યા શું માણ્યા શું જાણ્યાં ભૂદેવ સુખ, નવ
કરીઓ સલુણીનો સંગ,
ઉત્તમ અવતાર આવો એળે ગુમાવિઓ
રતિ લાગ્યો ન રંગ નાહ્યા નવ નારી ગંગ. શું૦
માનો જો મારૂં તો. પાડો પનારૂં કોઈ
લટકાળી ચટકાળી સાથ.
રીતે રીઝાવશે ભાવે મન ભાવશે,
આ પશુ સ્થીતિનો કરીભંગ શું હાણ્યા

નારદ— ૨૯

ઝટ માન માન મુકી લટકાળી દે આ યૌવનનું દાન,
ધર્મ ધ્યાન જપ તપ હું ભુલ્યો,
તારનાર તરૂણી જોઈ ડુલ્યો,
કસીને, હસીને; વસીને અંતર
દે સંસારી સાન, ઝટ૦
નેન ચેનથી સ્નેહજ જોડે,
ને ઉપરથી શું તરછોડે.
લટકે ફટકે, મનડું કરવા.
સુખ મયંક રસપાન ઝટ૦

નારદ મોહની— ૩૦

માંડ હાથે આવ્યાંછો મીઠી મોહની

રાખું જાળવી, ટેક પાળવી. માંડ૦
બોલ્યું ન પાળશો તો તુર્ત ત્યાગશું,
વચન વિરૂદ્ધ જરીક વાત જોબની. માંડ૦
એ શંકા સલુણી નવ રાખો.
તો સ્નેહામૃત સદાય ચાખો,
અમ્રતથી તો નાઇશ આખો.
રાખો રાખો રાખો રાખો,
વાહુ............... માંડ૦

સત્યવૃત— ૩૧

તનુ મનુજ ધારી શું કરવું,
વિકટઅનેક યોનિમાં ભટકયા એ કદી ક્ષણ ન વિસરવું, તનુ૦
કમલ કુસુમ સમ પ્રભુ પદ લાયક મળ્યું શરીર ગુણ ગરવું,
સુકૃત્ય માળી સંગ ન કરતાં નિપજી સુકાઇ ખરવું. તનુ૦
દેહ સુધીનો સ્નેહ જગતનો તેમાં વૃથા ન ઠરવું.
પાપ પુન્ય પુછનાર પિતાની, ઇછા ગણી અનુસરવું, તનુ૦
રાય રંકને ઉંચ નીચને પ્રભુ ઘર સરખું ફરવું
તો શિદ ભેદ અહીં ગણુવો જયાં અલ્પ કાળ છે વિચરવું. તનુ૦

સત્યવ્રત—　　　　　　　૩૨

પીડા પરહરી પ્રીતે પ્રભુજી પધારોરે,
પ્રભુજી પધારો, ચિત ચિંતા નવ ધારોરે.　　　પીડા૦
જે મારગ ચાલે જન મોટા,
વળે સહુ તેમ એવો જગતનો ધારોરે.　　　પીડા૦
દાસ હુલ્લાસથી હું થયો આપનો,
અનાદર રહ્યો નહીં કોઇ કરનારોરે.　　　પીડા૦

શશિકળા—　　　　　　　૩૩

મોહની લગાડે રાજ, મુકાવે માન લાજ,
કરતાએ શાને કાજ અડપલાં સખી.　　　મોહની૦
પહેલાં જાણ્યું તું એ તો સિદ્ધિવાન સંત છે,
પણ ખરૂં કહું તો કળા એમની અનંત છે,
એ હવે જણાય કંઈક બાઇ.　　　મોહની૦
અન્યદાંતથી ચાવતા, દેખાડે છે અન્ય,
તે ગજરાજ સમાનને; કેમ ન કહીએ ધન્ય;
હસવું ને હાણ થાય, કયાં જઇ કહેવાય,
કરે કોડથી ભુજા કપાટ કેદ,
સાંભળ્યા કદી ન એવા આપના રચેલ,
નવા શીખવે ગુરૂજી વેદ ભેદ,
વેણી ગુચ્છ રાખી શર્ણ પ્રેમ પ્રણવ આપી કર્ણ.

મોહ મંત્ર આપતા અનેકવાર સ્થાપતા,
સ્વધર્મનો સિદ્ધાંત જે અભેદ. મોહની૦

સાહેલી— ૩૪

ભુલ્યો છે ભ્રમણામાં પડી ભાન ભમરો ભોગી તારો;
સુંદર સર પંકજ આશે, આવ્યો તુજ પાસે;
અતિ ઉછરંગથી ઉપવન રમનારો (૨) ભુલ્યો૦
તલાવડી રત્નાભૂષણ, તણી પ્રભા ચોમેર,
ધીમું ત્યાં અહિં ચાલવું જાણે જળમાં લહેર,
શુક રંગી સાડી શાણી, ઓઢી આ અંગે,
દીસે હોય કમળનો છોડ રૂપાળો, (૨) તું, ભુલ્યો૦
ખીલ્યું તે પર મુખ કમળ, ભ્રુભૃંગ લેતા સ્વાદ,
એ નિરખી જોબન સરે, આવી કરે આનાદ,
મુજને પણ દેએ મધુરસ, સુખ એમ યાચે,
દાઝે જોઈ ભ્રમર ભ્રુને ગણનારો. [૨] ભુલ્યો૦

કીર્તિચંદ્ર— ૩૫

પ્રિય કલ હંસી શું આમ કરે, પ્રીય૦
પ્રથમ મદન શર ગણી વજાનાં,
સુખ સરવરથી નાસે છે,
અનુભવી એને મૃદુલ પુષ્પનાં,
આવીશ આશે તું પાસે;—આમ કરે. પ્રિય૦

અતિ સુખ લેવા સહજ વિપતિ.
આવે એને સહિએજી.
ચાલ મરાલી માન સ્નેહ સર,
મુકતા ચુગી રીઝી રહીએ;—આમ કરે. પ્રિય૦

શશિ—કીર્તિ ૩૬

નથી સારી મોહનજી તમારી આ ટેવ,
ટેવ આવી ની કીજે ડાહ્યાં થઇને સેવ, નથી૦
જાઓ જાઓ શું લજાવો,
લાજ મુકી લ્યોને લ્હાવો.
આ શું શર્મ મુકો નેવ, નથી૦

કીર્તિચંદ્ર— ૩૭

દેહ કારણ છે મુખ્ય પિતુ માતારે,
તેને દુભાવી. પુત્ર નર્કે જાતા. દેહ
સેવાના મેવ આરોગે આનંદથી,
તેના દુખ દિન દૂર થાતા,
ઉંડી પણ અંતરમાં રાખે જો આંટી તો.
અખિલેશ્વર કરે ધૂળ ખાતારે. તેને૦
માનવ સમ ઉત્તમ નહીં એકે અવતાર અન્ય,
દેવોને વેદ એમ ગાતા,
જીવ આ ઇશત્વ પામી છુટે ભવ ફંદ એવા,

સર્વોત્તમ જન્મના જે દાતારે તેને૦
મુંગા બળહીન અલ્પજ્ઞાનિ અપંગને,
અતિ યત્ને પોષી કરે જ્ઞાતા,
એ આદિ ભૂલે ઉપકારો કૃતઘ્ન તેને
ત્રિભુવને મળે ન ક્યાંય શાતારે. તેને૦

મોહની— ૩૮

મુનિવર પામ્યા નરવરતા [૨]
તજી અમરપુરીનું રાજ્ય, થયા સ્ત્રી માટે જગભર્તા
જ્યાં હતી તુલસીની, સત્વ ગુણમય માળા,
ત્યાં દીસે મુક્તાહાર, હીરા મણિવાળા,
તજી વાદ્યધારી, સમશેર કર્યા કર કાળા;
ભજે રામા રામ વિસરતારે—(૨) તજી૦
પોઢાડે બ્રાહ્મણ કર્મ ધર્મ નિજ ભૂલે,
મદ મદિરા પી પરવશતા ઝુલે ઝુલે,
તજી હંસ સ્વરૂપ, બક બની નકામા ફુલે,
અહા કેવી હું પદમાં ખરતારે—[૨] તજી૦

મોહની— ૩૯

છે આ વસંત ૠતુ, મોહક મદ્ય જેવી
સત્તા વળી મદનની, અતિ મત્ત તેવી,
તેમાં સુરામય બિરાજી, અટારીએ ને
મદ્યાક્ષિનું મન છળે, અહો ધન્ય તેને,

વિશ્નું— ૪૦

ધીર ધારરે વિકળ ન થાતું હવે,
છે તુજ શિર અતિ હીત સાધનારરે ધીર૦
તાત જો તનના દોષ ન ટાળે.
અન્ય કો તેને ઉગારનારરે; ધીર૦

નારદ— ૪૧

સમજ્યો હવે હું સ્વામિ, ફળ ઝેરી મદનું પામી
કરૂણા નજરથી જોશો, કરજો ક્ષમા મુજ દોષો;
સિદ્ધાંત ભુલ્યો સાચો, જન દોષ જોવા રાચ્યો,
અપરાધ મળ એ ધોશો; કરજો૦

શશિકળા— ૪૨

શ્રમિત પંખિણિ પામી સુબાગને
હૃદય હર્ષિ કહી ધન ભાગ્યને.
નિવસિ ત્યાં પણ ભાળી કુકાગને,
કરમ કૂટતિ પામી વિરાગને,
સફળ નાં થઇ કેલિની કામના,

વિકળ ઘેલડી ગા ગુણ રામના.
અહહુ! ઉચ્ચરી આંસુ વહાવિયાં,
મન તરંગ મનેજ બધા રહ્યા.

સત્યવ્રત
રાજ્યકુટુંબ } ૪૩
સભા—

પુત્રથી અધિક સૌ પ્રજાને પાળજો,
નિહાળજો નેહથી વિપતિ ટાળજો.
ના કદીય નાથ, મેં કહ્યું કશું,
અજ્ઞ જાણી ઓથ, અંકમાં ઉછાળજો,
સત્ય બોધ આપી હે જગતગુરૂ,
જન્મ મૃત્યું હોયનાં તે વાટ વાળજો
— ધન્ય છે ઇશ વિભૂતિની કાય,
—જાણજો સર્વ એ સંત કૃપાય;
—દ્રઢતા એવી જે ધારે સદાય,
—તેનો વિજય આખર ગવાય.
શ્રી હરિને સંત એક રૂપ ભાળજો,
સર્વદા તન મન ધન ચર્ણ ઢાળજો.
આચુ ધર્મ ધ્યાન ધારી ગાળજો.
સર્વને અંતના છે પ્રિયતમ પ્રણામ.

અંક બીજો સમાપ્ત

અંક ત્રીજો

શશિકળા— ૪૪

કદી ન કળાએ કર્મની કેલિ,
રંક કરે નૃપ નૃપ દઇ ઠેલી; ખરે ખર ઘેલી, કદી૦
બકને દીધી શ્વેતતા, કોયલ કીધી શ્યામ,
કોવિદ કીધા રાંકડા, મુખ ભર્યા ધનધામ,
શંકર સમાન ને, ખોપરી ને. સાપ દીધા હાથ,
કરીયા હરિ અવતારી મુકયા માનવિની સાથ.
તો શી અલ્પ જનની વાત; [૨]
ચિત ચિંતાને ચોતરે, ચડી ન કર ઉત્પાત.
સુખ દુખ જીવન મરણને, યશ અપયશ હરિ હાથ,

શશિકળા— ૪૫

ચાલ વેલી, ઓ ઘેલી, પિયુ પંથે ચાલ,
તજી બાવળ કોયલડી, આંબા ડાળે મ્હાલ....ચાલ
શબ્દ મીઠેથી ગાતી, વાલાજીનું વ્હાલ,
માની જંગલમાં મંગલ, થાને ભેટી ન્યાલ,
મળશે પળમાં લહેરી લાલ; ચાલ૦

સત્યવ્રત— ૪૬

મારા નાથજી રાખો જેમ, મારે તેમ રહેવું છે,
છોડી હર્ષને શોક ઉપાધિ, સૌ સંતોષે સ્હેવું છે.

ચાહે ચક્રવર્તિ ભૂપ બનાવો, ચાહે બનાવો રંક,
ચાહેતો નિર્મળકિર્તિ સોંપો, ચાહે તો સોંપો કલંક; મારા૦
તાતની પાસ શી ચિંતા શિશુને, ખેલે થઇ મદમસ્ત
તેમ રમું આપ બાપજી પાસે જાણું ન ઉદય અસ્ત; મા૦

શશિકળા— ૪૭

જેણે ધારી ટેક પ્રગટ છે, તેને પૂરણ કામી,
કરમે મુકે હાથ, ન જાણે મુર્ખ યત્નની ખામી. જેણે૦
છે તારો હકક, માગ કરી જકક,
મનવા દેશે મન વાંચ્છિત ફળને
પણ જો રોશે, તો તો ખોશે અમુલ્ય આવી,
કલ્પ વૃક્ષ ફળને, થાશે આવરદા નકામી જેણે૦

દેવલો— ૪૮

ઈહીં, ઈહીં, ઈહીં, ધોળીઆ ઢગા, ગોરીઆ ગગા
સેતરિ સુટયો આમ ગમાણેથી હાય,
બહું લગાડયોસે તુજને હેડો,
સોડયો ન ભુંડે, ભગવાનીયે સેડો,
પણ હું આપીહ ડાંભ; ભલે ભરે મોટી વાંભ ઇંહી૦
નાકને કાન જો એનાં ન વાઢું, ધોળીઆ ઢયડીપાસેનઆઢું
જાણજે તો બે બાપ, આવતો ગનો માફ ઇંહી૦

શશિકળા— ૪૯

મમ મન મંદિરમાં, મહાલનાર મદમાતા,

સ્વિકારી સેવા શ્યામ, ન કેમ મનાતા
કર લાવો બાંધું બાજુબંધ, બલહારી ધારી,
કરૂં પ્રિતમ પ્રેમથી; કમળ કુસુમની કયારી.
પહેરાવું હૈયા હાર, હાર દઈ કલગી,
પછી વિનવું વારંવાર, ન કરશો અળગી.
છે પુષ્પ પરાગની વાસ, હૃદય હરનારી, ભારી
તેમજ યાચું છું, નાથ ગણો પ્રિય પ્યારી. મમ૦

શશિકળા ૫૦

મુખના મીઠા મનના કપટી, નહિં બોલું મહારાજ,
ગરજ તમારે નથી કશાંની;
જાણ્યું કોઇ મળેછે છાની. મુખના૦
એ તો હશે અલબેલી ને આતો છે પ્રેમ ઘેલી,
આવી કસોટી અવળી કરતાં કેમ ન આવે લાજ. મુખના૦

શશિકળા— ૫૧

મારા કામ રિસાયા, શાણા શ્યામ રિસાયા,
આવો કોઈ મનાવો, ટાળો રૂસણું.
મારૂં મન ફટકે, છેલ છે છટકે,
કેવું હેત આતે તંતીલા તણું. મારા૦
પિયુડો જેનો પલટીયો, ધિકક તેનો અવતાર
મરવું મન મુંઝાઇને, નહીં અવર આધાર,

સ્વામિ સુખિયા થજો, મુજને વિસારજો,
મળવું થશે સ્વર્ગે આપણું. મારા૦

શશિ—કીત— ૫૨

મોતી પામી, ખોવાએલ મોતી પામી,
ન ભાગ્યનો પાર, કૃપા કરી શ્રી હરિ મોતી૦
જાણું આજ સુજાણ, ઉગ્યા હાટક ભાણ. મોતી૦
જેને મંદિર સતિ.તું સમી આપે તેનો અવતાર,
પામે તે નર સુખનો સાર.
નહિં છો નાથ ખરા આધાર,
ધન્ય, ધન્ય, છે— મોતી૦

વિશ્નું— ૫૩

હવે ધૃતિ, મતિ ગતિ, વિકળ થતી હા ! હા ! કરૂં શું;
જરી ન ચેન ચિતંમાં, જોઇ વ્હાલો અતિ.
વિપતિમાં સંગે થઇ સાહ્યક ન ફરૂં તો
જગમાં ઠરૂં શું— હવે૦
દ્રઢ છે પ્રતિતિ મુજમાં, સુખ દુઃખ સમયે;
જાહેર વાંકો વાળ ન તેહનો થાય.
ભૂલું જો એ ટેક તો કલંક જડ મતિનાં,
ને વરૂં હું— હવે૦

૫૪

. આ, સાહ્યક સંગે
 ન, એક વચની વળી
 રામે, પવિત્ર પ્રેમ નંગે. તજી
મદદ્કું દેનારાં, સતિ શોભે ઘર,
.. એના પ્રસંગે— તજી

૫૫

વિજય વિજય વિજય,
ભર્તનો થજો;
જે છે ભક્ત રત્નખાણ, કિર્તિવંત તેની આણ
વિશ્વે વ્યાપજો, પાપ લય હજો;
સુયશ જામજો, જય૦
તાત તાપ ત્રિવિધના, ન પીડે આર્યને,
સર્વથી સમાન ભાવ, ને સુમાર્ગમાં સ્વભાવ,
ઇશ આપજો જય૦
વિમળ વૈભવો સમૂહ, સકળ પામજો.
પણ તજી પ્રવર્તિ તંત, સત્યવૃત સમાન અંત,
નૃહરિ મય હજો. જય૦

સમાપ્ત.

